શાળા મહાશાળાઓમાં સ્વાતંત્ર્યદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર અને આસપાસના ગામડાઓમાં રાષ્ટ્રીય પર્વ એવા ૬૬મા સ્વાતંત્ર્ય દિનની ખૂબ જ હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં ધ્વજવંદન અને વિધવિધ દેશભક્તિના કાર્યક્રમો રજૂ કરી વિદ્યાર્થીઓએ, શાળા પરિવારે સ્વાતંત્ર્ય પર્વને યાદગાર બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

સરકારી પ્રાથમિક શાળા નં. ૧, સેક્ટર-૨૮માં ૬૬મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આચાર્યા રાબિયાબેન દેસાઈ સાથે એન.એસ.એમ.સી.ના સભ્યો અને માઈક્રો શોપિંગના પ્રમુખ જીતેન્દ્રસિંહે રાષ્ટ્ર ધ્વજ ફરકાવી સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા. પ્રમુખ દ્વારા બાળકોને ચોકલેટ વિતરણ કરવામાં આવી હતી.

● તક્ષશિલા વિદ્યાલય સે. ૧૩

તક્ષશિલા કેળવણી મંડળ સંચાલિત તક્ષશિલા વિદ્યાલયમાં ૬૬માં સ્વાતંત્ર્ય દિનની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન રજનીકાંત દવેના વરદહસ્તે ફરકાવી રાષ્ટ્રીય ગાન કરવામાં આવ્યું હતું. સંચાલક રાજેશકુમાર દવે અને આચાર્ય મિનાક્ષીબેન રાવલે આ પ્રસંગે પ્રાસંગિક વક્તવ્ય કરી દેશના વીર જવાનોને યાદ કર્યા હતા અને સ્વતંત્રતાની ખુશીમાં ચોકલેટો વહેંચી મો મીઠું કરાવ્યું હતું.

● સરકારી પ્રાથમિક શાળા નં. ૧, સે. ૨૮

ધો. ૧૧ના વિદ્યાર્થીઓએ પ્રત્યેક વર્ગદીઠ એક વ્યક્તિગત અને એક સમૂહ દેશભક્તિ ગીત રજૂ કર્યું હતું. આચાર્યએ વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતને બિરદાવી હતી.

● એન.કે. સોલંકી સ્કૂલ ઓફ કોમર્સ

શાળામાં વિદ્યાર્થિની કુ. બીનલ પટેલે ધો. ૧૨માં ૮૮.૮૬ ટકા મેળવી તાલુકામાં પ્રથમ સ્થાન મેળવ્યુ હતુ. તેને સરકાર તરફથી ઈનામ આપવામાં આવ્યું હતું અને સ્વાતંત્ર્ય પ્રવ નિમિત્તે જયનારાયણ વ્યાસના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

● ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ

શાળાના પટાંગણમાં ચેરમેન વી.વી. વૈષ્ણવ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોને મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા વીર સપૂતોની કુનેહનો ખ્યાલ આપી દેશ પ્રત્યે વફાદાર રહેવા પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય પ્રદિપ ગગલાણીએ મહર્ષિ અરવિંદની યાદ આપી પોતાનું જીવન સુગંથિત કરવા અનુરોધ કર્યો હતો. શાળા પરિવારે હાજર રહી રાષ્ટ્રીય પર્વ અનેરા ઉત્સાહ સહ ઉજવ્યો હતો. આ પ્રસંગે શાળાના ધો. ૧૧ના વિદ્યાર્થીઓએ પ્રત્યેક વર્ગદીઠ એક વ્યક્તિગત અને એક સમૂહ

● સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. કિશોરસિંહ સોલંકીએ યુવાનોને દેશકાર્યમાં જોડાવા હાંકલ કરી હતી. આચાર્ય ડૉ. જે.એસ. પ્રજાપતિએ પણ વિદ્યાર્થીઓને અભ્યાસ, ચિંતન, મનન, શિસ્તની સાથોસાથ દેશપ્રેમ જાગૃત થાય એવી શીખામણ આપી હતી. કોલેજના અંગ્રેજીના વાયાખ્યાના ભાર્ગવભાઈ જાદવે ધ્વજવંદન કર્યું હતું. અને કાર્યક્રમનું સંચાલન જીતેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

● ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટી તેમજ આચાર્ય સહિત શાળા પરિવારે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કર્યા હતા.

● સરકારી પ્રાથમિક શાળા, સે. ૧૭

ગાંધીનગર સેક્ટર-૧૭ની સરકારી પ્રાથણિક શાળામાં વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલના વરદહસ્તે ૧૫મી ઓગષ્ટે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આચાર્યા તથા શિક્ષકગણે વિદ્યાર્થીઓ સાથે રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને દેશભક્તિ કાર્યક્રમો રજૂ કર્યા હતા. રજુજી ગોલ તરફથી બાળકોને બુંદીની વહેંચણી કરવામાં આવી હતી.

● અંબા સ્કૂલ ફોર એક્સલેન્સ

અડાલજ ખાતે આવેલી અંબા સ્કૂલ ફોર એક્સલેન્સ ખાતે સ્વાતંત્ર્યદિન ખૂબ જ ધામધૂમ તથા હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે દેશભક્ત અને મેનેજમેન્ટ ટ્રેનર સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદહસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓએ પરેડ દ્વારા કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ કારગીલ વોર રજૂ કર્યો હતો. કારગીલ વોરમાં શહીદ થયેલા અને મા-ભોમ માટે જેઓએ પોતાના પ્રમાણોની આહૂતિ આપી છે તેવા શહીદવીરોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. અતિથિ સુરેશભાઈ પટેલે ઉપસ્થિત સર્વ નાગરિકોને રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રપ્રેમ દ્વારા દેશની સેવાનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. શાળાના ધોરણ-૧૦ના વિદ્યાર્થી ચાવડા વર્ધમાને આજના સ્વાતંત્ર્ય પર્વના દિવસે સ્વતંત્રતાનું મહત્વ તથા ભ્રષ્ટાચારને નાબૂદ કરવાની વાત કરી હતી. કાર્યક્રમના અંતે શાળાના વિતરાગ હોલમાં કારગીલ વોર તથા વિદ્યાર્થીઓએ બનાવેલા ૧૫મી ઓગષ્ટને લગતા ચિત્રોનું પ્રદર્શન સર્વ વાલીગણે નિહાળ્યું હતું.

હિંમતનગર સ્વાતંત્ર્ય દિને તસ્કરો આઝાદ થયા, રૂપીયા છ લાખથી વધુની મત્તાની ચોરી કરી પલાયન થયા

હિંમતનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર ભારત ભરમાં ૬૬માં સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી થઈ હતી અને તેજ રાત્રીએ આઝાદ થયેલી તસ્કર ટોળકીએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ કૈલાદેવી સોસાયટીમાં ત્રાટકી એક મકાનને નિશાન બનાવી સોના-ચાંદી તથા રોકડ રકમ મળી છ લાખથી વધુની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે શૈલેષકુમાર અંબાલાલ પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ માટે ડોગ સ્કોડ અને એફ.એસ.એલ.ની ટીમને બોલાવી હતી.

વિગત મુજબ હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ કૈલાદેવી પાર્ક સોસાયટીમાં એ-૬૮માં રહેતા શૈલેષકુમાર અંબાલાલ પટેલ પોતાના પરીવાર અને આવેલ મહેમાનો સાથે રાત્રીના ૧૨ વાગ્યા સુધી ટેલીવિઝન નિહાળ્યા બાદ મીઠી નીંદર માણી રહ્યા હતા ત્યારે આઝાદ તસ્કરોએ પાછળના રૂમની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી તિજોરી તોડી અંદરથી સોનાના દાગીના અંદાજે ૧૫ તોલાથી વધુના કિંમત રૂપીયા સાડા ચાર લાખ, ચાંદીના દાગીના અંદાજે બસો ગ્રામના કિંમત રૂપીયા સાહિઠ હજાર અને પ્લોટ વેચેલ ના આવેલ રોકડ રકમ એક લાખ પીસ્તાલીસ હજાર મળી કુલ રૂપીયા છ લાખ પંચાવન હજારની મત્તાની ચોરી કરી તસ્કરો તીજોરીનું ડ્રોઅર અને એક પાકીટમાંથી બે મોબાઈલ લઈ સોસાયટી નજીક ખેતરમાં ગયેલ જ્યાં બે મોબાઈલ ખુલ્લા કરી અને ડ્રોઅર ખાલી કરી ફેંકીને નાસી ગયેલા. ગુરૂવારની વહેલી સવારના સાડા છ વાગ્યાના સુમારે શૈલેષકુમાર પટેલ ઉંઘમાંથી જાગ્યા ત્યારે તીજોરીવાળા રૂમનો દરવાજો આડો કરેલ તે ખોલી જોતા તીજોરી ખુલ્લી અને તેમાનો સામાન અસ્તવ્યસ્ત નજરે પડ્યો હતો. જેથી શૈલેષ પટેલ તાત્કાલિક હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા ટાઉન પી.એસ.આઈ. બી.વી. રાવળ, પી.આઈ., ડી.સ્ટાફ, ડી.વાય.એસ.પી., એલ.સી.બી. પણ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને વધુ તપાસ માટે ડોગ સ્કોડ અને એફ.એસ.એલ.ની ટીમને બોલાવી હતી આ અંગે ટાઉન પોલીસમથકે ચાર લાખ તેત્રીસ હજારની ફરીયાદ નોંધાઈ હતી.

હિંમતનગરમાં ટ્રાફિક જાગરૂકતા કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લા પોલીસ તેમજ આર.ટી.ઓ. દ્વારા હિંમતનગરની વિદ્યાનગરની એજયુકેશન ખાતે ૧૩ ઓગષ્ટના રોજ ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે ટ્રાફીક પી.એસ.આઈ. જી.એ. પટેલે ટ્રાફિકના નિયમો અંગે વિડીયો બનાવી વિસ્તૃત માહિતી આપી હતી તેમજ જિલ્લા પોલીસ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન વિદ્યાનગરી એજયુકેશનના એમ.એ. એમ.એડ.ના પ્રિન્સીપાલ અલકાબેન શાહે કર્યું હતું.

ખેડબ્રહ્મા શહેરમાં શુભમ્ કોમ્પ્લક્ષમાં આવેલ ખેડબ્રહ્મા સહારા ઈન્ડિયા પરિવાર ફ્રેન્ચાઈઝી કાર્યાલય પર ધ્વજવંદનનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. બી.કે. પ્રજાપતિ (સી.એફ.એમ.આર-૫) દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. (તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા હિંમતનગર ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે હિંમતનગર તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગત ૧૫મી ઓગષ્ટના રોજ કોંગ્રેસભવન ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કોંગ્રેસી કાર્યકર્તાઓએ ત્રિરંગો લહેરાવી શહિદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ કાર્યક્રમમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચંદ્રસિંહ ઝાલા, મહિલા કોંગ્રેસ પ્રમુખ નિર્મલાબેન પંચાલ, શહેર કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ જયસ્વાલ, નગરપાલિકાના વિરોધપક્ષના નેતા ઈશ્કાક શેખ, જિલ્લા મહામંત્રી સતીશભાઈ શાહ તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઊંઝામાં તસ્કરોનો તરખાટ

ઊંઝા, તા. ૧૬

ઊંઝા પોલીસની નિષ્ક્રિયતાને કારણે પુનઃ તસ્કરોએ માથું ઉંચકતા એક જ રાતમાં ઐઠોર અને બ્રાહ્મણવાડા ગામેથી ૮.૩૫ લાખની કિંમતના બે વાહનો જીપડાલુ અને ટ્રેક્ટરની ઉઠાંતરી કરી હોવાના બનાવો બનતાં વાહન માલીકોમાં ભયની લાગણી ફેલાઈ છે.

ઊંઝા નજીકના ઐઠોર ગામે રહેતા વિપુલકુમાર કચરાભાઈ પટેલે રાત્રિના સમયે ટ્રેક્ટર નં. જીજે-૨૪-બી-૮૦૫૭ જેની કિંમત ચારલાખ રૂપિયા થવા જાય છે. તે પોતાના મકાનની બાજુમાં પાર્ક કર્યું હતું. જેની મધરાત બાદ કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

જ્યારે બીજા કિસ્સામાં તાલુકાના બ્રાહ્મણવાડા ગામે રહેતા મુળચંદભાઈ કાનજીભાઈ પટેલે બોલેરો જીપ ડાલુ નં. જીજે-૫-એયુ-૧૯૮ રાતના સમયે પોતાના મકાન આગળ પાર્ક કરેલ હતુ. તેની આજે વહેલી સવારે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ગયા હતા. ચોરાયેલ જીપડાલાની કિંમત રૂપિયા ચાર લાખ પાંત્રિસ હજારની દર્શાવેલ છે.

આ બંને બનાવો અંગે ઊંઝા પોલીસે ચોરીઓના ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા વિસ્તારમાં ઘરફોડ, વાહન અને ઢોર ચોરીના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ નોંધાયેલ મિલકત વિરૂદ્ધ ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસંતત્ર નિષ્ફળ નિવડતા ગંભીર પ્રકારના ગુનાઓના પ્રમાણમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે.

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આવેલ કુડાસણ આયુર્વેદિક દવાખાનાના પટાંગણમાં રાષ્ટ્રીય પર્વ નિમિત્તે શાળાના ૧૦૦ બાળકોએ સામુહિક વૃક્ષારોપણ કરી અનોખી રીતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી. જિલ્લા આયુર્વેદિક અધિકારીના માર્ગદર્શન તળે તબીબ ડૉ. વૈશાલીના સઘન પ્રયાસોથી આ બાળકોએ સંયુક્તમાં વૃક્ષારોપણ કરી તેને ઉછેરવાનો નિર્ણય કર્યો હતો. તે પ્રસંગે ગ્રામજનો ગામના શિક્ષકો તેમજ વાલીગણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીને આવાસ યોજનાનો લાભ અપાશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં આવાસ વિહોણા તથા કાચા આવાસો ધરાવતા ૧૭થી ૨૦નો ગુણાંક ધરાવતા બી.પી.એલ. કુટુંબોને આવાસો પુરા પાડવા માટે રાજ્ય સરકારે યોજનાનું વિસ્તૃતીકરણ કરવાનો નિર્ણય લીધો છે. અને આ માટે રૂ. ૧૫૯૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીઓને ઈન્દિરા આવાસ યોજના સરદાર આવાસ યોજના આદિમજૂથ આવાસ યોજના પંડિત દીનદયાલ યોજના આંબેડકર આવાસ યોજના ઈત્યાદિ હેઠળ આવાસની સુવિધા પુરી પાડવામાં આવેલ. ૦ થી ૧૬ સ્કોર ધરાવતા મોટા ભાગના બી.પી.એલ. લાભાર્થીઓને જુદી જુદી આવાસ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ તેમજ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીઓને પણ ઉપરોક્ત યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

રાજ્ય સરકારે એવો નિર્ધાર કરેલ છે કે ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા અને કાચા આવાસ ધરાવતા તમામ લાભાર્થીઓને આવાસની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સહાય કરવા નીતિ વિષયક નિર્ણય લેવામાં આવેલ.

રાજ્ય સરકારે ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બાકી કુટુંબોને તેમજ કાચા આવાસ ધરાવતા બાકી રહેતા તમામ કુટુંબોને આવાસની સુવિધા પુરી પાડવા સારૂ આ યોજનાનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું છે અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા ૭૮,૮૧૬ બી.પી.એલ. કુટુંબો માટે રૂ. ૩૫૪ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

દામાવાસ કંપા હાઈસ્કુલમાં સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

ખેડબ્રહ્મા, તા.૧૬

ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ કંપામાં આવેલ એન.પી. ઘોળુ જ્ઞાનતીર્થ વિદ્યાલયમાં ૬૬માં સ્વાતંત્ર્ય દિન ઉલ્લાસભેર ઉજવાયો. આ સ્વાતંત્ર્ય પર્વમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ગામના વડીલોએ ભાગ લીધો હતો. આ ધ્વજનંદન કાર્યક્રમની ખાસ વાત એ છે કે આ કાર્યક્રમમાં એન.સી.સી.માં પ્રથમ આવેલા વિદ્યાર્થીના વાલીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતું.

ટુંકી મુદતની જાહેર નિવિદા

શાસનાધિકારીની કચેરી, શહેર વિસ્તાર, સેક્ટર-૧૧, ગાંધીનગર

સ્ટેશનરી છાપકામના ભાવપત્રકો મોકલવા અંગે - વર્ષ ૨૦૧૨-૧૩

૧. આ કચેરી હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓ માટે ૨૦૧૨-૧ના વર્ષ માટે જરૂરી પત્રકો, ફોર્મ્સ, નમુનાના રજીસ્ટરો વિગેરે છાપવા ખરીદવા માટે ભાવપત્રકો મંગાવવામાં આવે છે. છાપકામના નમૂના અને તેની શરતો જાહેર રજા સિવાયના દિવસે રૂબરૂમાં અત્રેની કચેરીથી મેળવી લેવાની રહેશે. ભાવપત્રક જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં અત્રેની કચેરીને રજીસ્ટર એડીથી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

સહી/-
શાસનાધિકારી (શહેર વિસ્તાર)
માહિતી/૧૦૮૩/૧૨-૧૩ બહુમાળી બિલ્ડીંગ, છઠ્ઠો માળ, સે.૧૧, ગાંધીનગર

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
અલ્તાફ શેખ	મોડાસા	૯૯૯૮૮૯૮૬૭૮
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
રમેશચંદ્ર ચોકસી	શામળાજી	૯૪૨૭૫૨૮૯૪૧
અશોક ત્રિવેદી	મોટી ચેખલા	૯૭૨૬૦૬૧૬૭૭
સચીન નિનામા	ભીલોડા	૯૪૨૬૫૭૫૪૫૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

કંપની સમાચાર

અમદાવાદમાં ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરમાં રોજ એક્ટીવ રિટાયરમેન્ટ પરનો અનોખો એકસ્પો યોજાશે

૨૧મી સદીમાં વસતિ અને વૃદ્ધાવસ્થાનો પ્રશ્ન બની રહ્યો છે. વ્યાપાર વિશ્વ અને નીતિ ઘડનારાઓ પણ હવે વરિષ્ઠ નાગરિકો પરત્વે પુરતુ લક્ષ્ય આપી રહ્યા છે. ૨૧મી સદીને વરિષ્ઠ વ્યક્તિઓની સદી અને ૨૨મી સદીને 'એજીંગ ઓફ ધ એજેડ' તરીકે ઓળખવામાં આવે છે. ઈસ. ૨૦૫૦ સુધીમાં વિશ્વમાં સર્વાધિક વૃદ્ધોની સંખ્યા ભારતમાં હશે અને તેમાં ચીન પાછળ રહી જશે તેમ વિઝન ઈન્ડિયાના સીઈઓ શ્રી જ્ઞાનકી વેંકટરામન જણાવી રહ્યા છે.

'સેલીબ્રેટીંગ એજ' નામનો એક્ટીવ અંજીગ રિટાયરમેન્ટ એકસ્પો આવતા મહિનાથી ભારતનાં વિવિધ શહેરોમાં યોજાઈ રહ્યોછે. વિઝન ઈન્ડિયા દ્વારા એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. વિઝન ઈન્ડિયા દ્વારા આયોજિત એકસ્પોને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એજીંગ (આઈએફએ), સિલ્વર ઈનિંગ્સ ફાઉન્ડેશન અને એસોસિએશન ઓફ સિનિયર લિવિંગ ઈન્ડિયા (એએસએલઆઈ)નો પણ સહયોગ સાંપડ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન